# શૈક્ષણિક સંસ્થાઓ માત્ર શિક્ષકથી જ નહીં, સેવકથી પણ શોભે છે

કોઇપ સંસ્થાની શોભાનો આધાર તેનાં કર્મચારીઓ પર હોય છે. સંસ્થામાં રહેલા કર્મચારીઓને બે ભાગમાં વહેંચી સકાય. એક ભાગ એવો છે કે જેમાં કર્મચારીઓ માત્ર નોકરી કરવા આવતાં હોય છે અને બીજો ભાગ એવો છે કે જેમાં કર્મચારીઓ નોકરીની સાથે કામ પણ કરતાં હોય છે. આ કામગરા કર્મચારીઓ દિલ અને દિમાગથી સંસ્થા સાથે જોડાયેલાં હોય છે. તેઓ માટે સંસ્થા અને કામ જ તેમના ભગવાન છે. તેઓ નોકરીના સમય પછી ઘેર ગયા પછી પણ સંસ્થાનો વિચાર કરતાં હોય છે, દિવસ દરમિયાન બનેલી ઘટનાઓને વાગોળતા હોય છે. આવા કામગરા કર્મચારીઓને આધારે જ સંસ્થા વિકાસ પામે છે કે શોભાયમાન બને છે. જો શૈક્ષણિકસંસ્થાની વાત કરીએ તો આવી સંસ્થા મોટાભાગે તેના શિક્ષકોને કારણે જ શોભાયમાન હોય છે. પણ એવું જવલ્લે જ જોવા મળતું હશે કે કોઇ શૈક્ષણિક સંસ્થા તેના સૌથી નાના ગણાતાં કર્મચારીને કારણે પણ દિપતી હોય. આ જવલ્લે બનતી ઘટનાને જ નિહાળવાની અને વાગોળવાની મજા અનેરી હોય છે, જે કામ અત્યારે આપણે કરી શું.

હું પોતે આજથી બરાબર દસવર્ષ પૂર્વે અમદાવાદમાં ઉસ્માનપુરામાં આવેલી વિદ્યાનગર હાઇસ્કૂલના પ્રાથમિક વિભાગમાં શિક્ષક તરીકે કામ કરતો હતો. ત્યારે અમારી સાથે મોહનભાઇ રબારી નામના ભાઇ પણ સેવક તરીકે કામ કરતા હતા. સૌ તેમને મોહનકાકા તરીકે જ સંબોધતા હતાં. બિલકુલ ભણેલાં નહીં. સ્ટાફમિત્રોએ તેમને સહી કરતાં આવડે તેટલું અક્ષેજ્ઞાન આપેલું. તેમનો યુનિફોર્મ હતો ધોતીયું, લાંબું પહેરણ-ઝભ્ભો અને પાઘડી. સંસ્થા મોટી હોવાને કારણે સંસ્થામાં સેવકભાઇઓની સંખ્યા ઘણી હતી. શિક્ષકો કોઇપણ કામ કોઇપણ સેવકભાઇ પાસે કરાવી લેતા, પણ વિદ્યાર્થીઓ કોઇપણ કામ કે પૂછપરછ માટે મોહનકાકા પાસે જ દોડી જતાં. રમત રમતાં રમતાં કોઇ વિદ્યાર્થી પડી જાય, શરીર પર નાનો સરખો ઘા પડે કે ચામડી છોલાઇ જાય તો તરત જ જે તે વિદ્યાર્થી મોહનકાકા પાસે જ દોડી જાય અને દવા લગાવવાનું કહે. મોહનકાકા તે વિદ્યાર્થીને તેની મા જેમ દવા લગાવે તેમ પ્રેમથી દવા લગાવી આપે. વિદ્યાર્થીને ચામડી પર બળતરા થાય તો પ્રેમથી ફૂંકી ફૂંકીને સમજાવતાં સમજાવતાં દવા લગાવે. આજે પણ તે વિદ્યાર્થીઓ ભલે કોઇપણ જગ્યાએ નોકરી ધંધામાં જોડાઇ ગયાં હોય તો પણ મોહનકાકાને યાદ કરે છે. વિદ્યાર્થીની વસ્તુ ખોવાઇ ગઇ હોય તો તરત જ વિદ્યાર્થી મોહનકાકા પાસે દોડી જાય અને પોતાની વસ્તુનું વર્ણન કરે. મોહનકાકા યાદ રાખે અને વસ્તુ શોધે. વસ્તુ મળે જે તે વિદ્યાર્થીને પહોંચાડે. લભગ એકાદ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હશે તો પણ મોહનકાકાને એ ખબર રહેતી કે કયો વિદ્યાર્થી કયા વર્ગમાં બેસે છે. ખોવાયેલી વસ્તુઓ પરત લેવા નહીં આવતાં એવી વસ્તુઓ એકત્ર કરવામાં આવતી. પછી અઠવાડિયામાં એક દિવસ એવો રાખવામાં આવતો કે તે દિવસે ખોવાયેલી વસ્તુઓ લઇને મોહનકાકા દરેક વર્ગમાં ફરે અને જે તે વિદ્યાર્થીને સોંપે.ત્યારે મોહનકાકા પ્રેમથી વિદ્યાર્થીને સમજાવતા કે પોતાની વસ્તુ ખોવાઇ ન જાય તેનું ધ્યાન રાખવું. મોહનકાકા દરેક વિદ્યાર્થી સાથે મીઠાશથી વાત કરે. ઉંમરમાં સૌથી મોટા છતાં બધાંને માન આપીને બોલાવે.

શાળામાંથી દરવર્ષે મોટા પ્રવાસનં આયોજન થતું. વાલીઓ પોતાના બાળકની સંભાળ રાખવા માટે જેટલા પ્રમાણમાં શિક્ષકોને ભલામણ કરતાં તેટલા જ પ્રમાણમાં મોહનકાકાને પણ ભલામણ કરે ! પ્રવાસમાં મોહનકાકા સૌ વિદ્યાર્થીઓને સાચવે, રાત્રે વિદ્યાર્થીઓ સૂઇ ગયા હોય ત્યાં આંટો મારે, કોઇ વિદ્યાર્થીએ

ઓઢ્યું ન હોય તો ઓઢાડે. શાળાના વિદ્યાર્થીઓ માટે મોહનકાકા બીજી મા હતા.ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શાળામાં આવે ત્યારે કદાચ પોતાના શિક્ષકને મળ્યા વગર જાય, પણ મોહનકાકાને અચૂક મળે જ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકને ભૂલી ગા હશે પણ મોહનકાકાને ભૂલ્યા નથી. દરેક વાલી મોહનકાકાને સારી રીતે ઓળખે. દરેક વાલી માટે મોહનાકા માનીતા વ્યક્તિ હતા.મોહનકાકાએ ક્યારેય પણ કોઇ વાલી કે શિક્ષક પાસે કોઇ અપેક્ષા રાખતા નહીં. એ ભલાને એમનું કામ-સેવા ભલા. તેઓ સાચા અર્થમા વિદ્યાર્થીના સેવક હતા. આવા સેવક જે તે સંસથાની શોભામાં અભિઅભિઅભિવૃદ્ધિ કરતા હોય છે.

બીજી એક સંસ્થા આર.જી.શાહ સાયન્સ કોલેજ, વાસણા, અમદાવાદના સેવકભાઇ નામે દેવજી પણ તે સંસ્થાની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં છે. આ દેવજી ધોરણ આઠ સુધીનો અભ્યાસ કરીને સુરત-ગણદેવીથી અહીં અમદાવાદમાં નોકરી અને કામ કરવા આવેલ છે. એસ.ટી. જાતિમાંથી આવતા આ દેવજીના પિતા ખેતમજૂરીનું કામ કરતાં. અત્યંત પછાત વિસ્તારમાં ઉછરેલા આ દેવજીને સારું શિક્ષણ પણ મળ્યું નથી. આ દેવજીની ખાસિયત એ છે કે તેના હસ્તાક્ષર ખૂબ જ સારા આવે છે. માટે કોલેજમાં નોટીસબોર્ડ પર કોઇપણ વિગત લખવાની હોય તો તે દેવજી પાસે જ લખાવવામાં આવે. આ કામ આમતો ક્લાર્ક કે અધ્યાપકનું છે. આમછતાં ૧૯૯૨ની સાલથી આ કામ દેવજી સંભાલે છે. કોઇ પત્ર સારા હસ્તાક્ષર સાથે લખવો હોય તો પણ દેવજીને જ યાદ કરવામાં આવે. ભગિની સંસ્થા કોમર્સની કોલેજ છે. ક્યારેક તે કોલેજ માટેના નોટીસબોર્ડ દેવજી જ લખે. સંસ્થામાં પ્રવેશ કરતાં જ સૌ પ્રથમ વિવિધ નોટીસબોર્ડ મૂકેલાં જોવા મળે. નોટીસબોર્ડ પરના હસ્તાક્ષર જોઇને કોઇપણ વ્યક્તિ આકર્ષાયા વિના ન રહે. જેને વાંચવાની ઇચ્છા ન હોય તે પણ સારા હસ્તાક્ષરને કારણે થોડું તો વાંચે જ અથવા તો તેનાથી વંચાઇ જ જાય. આજ સંસ્થાની બીજી ભગિની સંસ્થા એટલે એસ.યુ.જી. બી.એડ્. કોલેજ. તેમાં સ્વીપર તરીકે જોડાયેલ ભાઇ રામજી આજે પણ સંસ્થા અને સ્ટાફ માટે મોટો આધાર બની ગયેલ છે. સંસ્થામાં બીજા પણ સેવકભાઇઓ છે. પણ રામજી વિના સંસ્થા અધૂરી લાગે. કોઇ અધ્યાપક ન આવે તો તેમની ખોટ વર્તાતી નથી, પણ રામજી ન આવે તો તેની ગેરહાજરી દેખાઇ આવે-ખોટ વર્તાય છે. કોલેજનું કે કોલેજ બહારનું કોઇપણ કામ રામજી પોતાના અનુભવ અને દીર્ઘદષ્ટિને કારણે કરી શકે. સ્ટાફ અને આચાર્ય માટે તે જમણો છે. એલ.સી.ડી. પ્રોજેક્ટર પર તાસ લેવો હોય તો અધ્યાપક રામજીને કહે એટલે પાંચ જ મિનટમાં બધી જ વ્યવસ્થા તૈયાર ! બેંકનું કામ હોય કે ટેલિફોનનું, ગાંધીનગર સરકારી ઓફીસમાં જવાનું હોય કે યુનિવર્સિટીમાં જવાનું હોય. સંસ્થા રામજીને જ મોકલે અને રામજી સારી રીતે કામ પતાવીને આવે જ.

ઉપરોક્ત સેવકભાઇઓ જેવા ઘણાં સેવકભાઇઓ હશે, કે જેઓના કારણે તેમની સંસ્થા શોભાયમાન છે. આવા સેવકભાઇઓને સો સો સલામ.